નં.જીઆઇડીસી/ ઓએન્ડએમ/સીઆઇઆર/કોસ્ટ/ ૩૨
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા: ૨૪-૧૧-૨૦૧૮

# // પરિપત્ર //

નિગમ હસ્તકની કેટલીક ચોકકસ વસાહતોમાં સરકારશ્રીની વિવિધ અંતર્ગત યોજના હેઠળ ફાળવણીદારોને ચૂકવવા પાત્ર વિતરણ કિંમતમાં સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે. જે મુજબ **મહિલા ઔદ્યોગિક પાર્ક તથા એમ.એસ.એમ.ઈ.પાર્ક હેઠળના પ્લોટ માટે** નિગમની જુદી જુદી બોર્ડ બેઠકમાં પ્રોત્સાહન સહિત ફાળવણી દર નકકી કરી, પરિપત્ર પાઠવેલ છે. સદર ફાળવણી દર બાબતે, સ્ટેટ લેવલ એમ્પાવર કમિટિ ધ્વારા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં.એમઆઈએસ / ૧૦૨૦૧૫ / ૪૩૦૯૦૬ / ચ, તા.૧૦/૦૩/૨૦૧૫ માં સૂચવ્યા મુજબની શરતોને આધિન પ્રોત્સાહન સહિત ફાળવણી દર, કામચલાઉ ધોરણે નકકી કરવામાં આવેલ છે.

સદર ફાળવણી દર બાબતે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની આવશ્યકતા જણાતા, આવી સહાય ઉપલબ્ધ કરાવાતી હોય તેવા ઔદ્યોગિક વસાહતોના પ્લોટોના ફાળવણી દર અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) નિગમ ધ્વારા મહિલા ઔદ્યોગિક પાર્ક, એમ.એસ.એમ.ઈ.પાર્ક કે તે પ્રકારના અન્ય ઔદ્યોગિક વસાહત કે જેમાં ફાળવણી દર મુજબની કિંમતમાં સરકારી સહાય, કન્સેસન કે રીબેટ મળવા પાત્ર હોય, તે મુજબની સહાય માત્ર ફાળવણીદાર ધ્વારા ચૂકવવા પાત્ર ચોખ્ખી ફાળવણી કિંમતની ગણતરી પૂરતો ધ્યાનમાં લેવાનો રહેશે.

(૨) ફાળવણી દર આધારિત વસુલાત પાત્ર **કોઈપણ ચાર્જીસ, વેરા, પેનલ્ટી કે ટ્રાન્સફર ફી વિગેરે નિયત કરતી વખતે કુલ ફાળવણી દર જ ધ્યાનમાં લેવાનો રહેશે,** એટલે કે, સહાયની રકમ બાદ કર્યા પૂર્વેનો ફાળવણી દર ધ્યાનમાં લેવાનો રહેશે.

(૩) ઉપરોક્ત યોજનાઓ હેઠળના ફાળવણીદાર / અરજદાર પાસેથી **પ્લોટસની કિંમત પેટે ભરપાઈ કરવાની રકમમાં સહાયની રકમ બાદ કરી, ચોખ્ખી ચૂકવવા પાત્ર રકમ જ નિગમના નિયમ અનુસાર વસુલ કરવાની રહેશે.**

(૪) નિગમની વિવિધ બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસારની ઉપર મુજબની સહાયની પાત્રતા ધરાવતી ઔ.વસાહતો માટેનો ફાળવણી દર તથા અસરકારક (પોત્સાહિત) કિંમતની સમજ દર્શાવતું **પત્રક – ૧** તથા **પત્રક – ૨** આ સાથે સામેલ કરેલ છે.

નિગમના તમામ પ્રાદેશિક મેનેજરશ્રીઓએ સદર પરિપત્ર મળ્યાની પહોંચ, મુખ્ય હિસાબીઅધિકારીશ્રી ની કચેરીને **દિન-૧૫** માં અચૂક મોકલવાની રહેશે.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**
**જીઆઈડીસી,ગાંધીનગર.**

**પ્રતિ,**
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર.

## પત્રક–૧

### (અ) મહિલા ઔદ્યોગિક પાર્ક :–

| ક્રમ નં. | વસાહતનું નામ | નિગમની સભા નંબર | સભાની તારીખ | ફાળવણી દર.રૂા. (પ્રતિ ચો.મી.) | પ્રોત્સાહન સહિત ફાળવણી દર.રૂા. (પ્રતિ ચો.મી) |
|---|---|---|---|---|---|
| ૧. | સાણંદ–૨(બોળ) | ૪૮૫ | ૦૩/૧૦/૨૦૧૫ | ૪૨૦૦/– | ૨૧૦૦/– |
| ૨. | જુનેદ(સાયખા) | પરિપત્ર નં. જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / કોસ્ટ / ૮૪. તા.૯/૫/૨૦૧૭ | | ૨૭૮૦/– | ૧૩૯૦/– |

## પત્રક – ૨

### (બ) એમ.એસ.એમ.ઈ.પાર્ક :–

| ક્રમ નં. | વસાહતનું નામ | નિગમની સભા નંબર | સભાની તારીખ | ફાળવણી દર.રૂા. (પ્રતિ ચો.મી.) | પ્રોત્સાહન સહિત ફાળવણી દર.રૂા. (પ્રતિ ચો.મી) |
|---|---|---|---|---|---|
| ૧. | સાણંદ–૨(બોળ) | ૪૯૨ | ૨૬/૯/૨૦૧૬ | ૬૦૨૦/– | ૩૦૧૦/– |
| ૨. | જુનેદ(સાયખા) | ૪૯૨ | ૨૬/૯/૨૦૧૬ | ૨૭૮૦/– | ૧૩૯૦/– |
| ૩. | હાલોલ(વિસ્તરણ) | ૪૯૨ | ૨૬/૯/૨૦૧૬ | ૩૧૮૦/– | ૧૫૯૦/– |
| ૪. | મીયાવાડી | ૪૯૨ | ૨૬/૯/૨૦૧૬ | ૧૮૬૦/– | ૯૩૦/– |
| ૫. | કાલાવાડ | ૫૦૦ | ૨૨/૫/૨૦૧૮ | ૪૮૭૦/– | ૨૪૩૫/– |